# ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના

પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃ
સ્થાપન યોજનાના ઠરાવની જોગવાઈમાં
સ્પષ્ટતા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ—એસસીડબલ્યુ —૧૦૦૩—૨૨૦૧—ગ,
સચિવાલય ગાંધીનગર.
તારીખઃ— ૨૩/૨/૨૦૦૪

વંચાણે લીધા :(૧) સા.ન્યા.અને અધિ. વિભાગનો તા.૯/૧૨/૨૦૦૦નો ઠરાવ
ક્રમાંકઃ—એસસીડબલ્યુ — ૧૦૯૭ —ન.બા.૬૩ — ગ.
(૨) સફાઈ કામદાર વિકાસ નિગમનો તા. ૬—૮—૨૦૦૩ નો પત્રક્રમાંક
ગુસકાવિનિ /પુ.ઠક્કરબાપા /૨૦૦૩ /૨૪૨૦ તથાતા.૨૩/૯/૨૦૦૩
નો પત્ર ક્રમાંકઃ—ગુસકાવિનિ / વહીવટ /૨૦૦૩/ ૩૦૨૬.

<u>ઠરાવ :—</u>

આમુખમાં ક્રમાંક —૧ માં જણાવેલ સા.ન્યા. અને અધિ. ના તા.૯/૧૨/૨૦૦૦ ના ઠરાવથી સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન ઃ સ્થાપનની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. સદર ઠરાવની જોગવાઈ ૩ (૧) ૩(૬) અને ૩(૭) માં કેટલીક સ્પષ્ટતાઓ આમુખમાં ક્રમાંક— ૨ માં દર્શાવેલ નિગમના પત્રોથી કરવામાં આવી હતી જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રી નીચે મુજબ સ્પષ્ટતાઓ ઠરાવે છે.

(૧) ઠરાવની જોગવાઈ ૩ (૧) બાબતે સ્પષ્ટતા નીચે પ્રમાણે છે.

સીધા ધિરાણની ( એન.એસ.કે.એફ.ડી.સી.) યોજનામાં " માર્જીનમની " તરીકે જે રકમ ચૂકવવામાં આવે છે તેને " લોન " તરીકેજ ગણવાની રહે છે. પરંતુ આ લોન પર કોઈ વ્યાજ લેવાનું રહેતુ નથી. એટલે આ યોજના હેઠળ ચૂકવવાની માર્જીનમની ની રકમને " બિન — વ્યાજકીય " લોન તરીકે ગણવાની રહે છે.

(૨) ઠરાવની જોગવાઈ ૩(૬) બાબતે નીચે પ્રમાણે સ્પષ્ટતા.

જોગવાઈમાં સ્પષ્ટ જણાવેલ છે કે " ખાસ કિસ્સા તરીકે " અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સફાઈ કામદારોને જે હેલ્થ ક્વાર્ટર્સ માલિકીના ધોરણે આપવામાં આવેલ છે તેવા વ્યક્તિગત મકાનોના રીપેરીંગ માટે નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણેઅમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મારફતે લોન આપવાની રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંબંધિત સફાઈ કામદારના પગારમાંથી હપ્તો કાપીને તે રકમ સરકારને ચૂકવવાની રહેશે. આ જ પ્રકારની જવાબદારી અન્ય મહાનગરપાલિકા તથા નગરપાલિકા લે તો આ યોજના હેઠળ લોન મળવાપાત્ર રહેશે.

(૩) ઠરાવની જોગવાઈ ૩(૭) બાબતે નીચે પ્રમાણે સ્પષ્ટતા.

સફાઈ કામદાર અને તેમના આશ્રિતોને રહેણાંકના પાકા મકાનો આપવા બાબતે સરકારશ્રીની " ડૉ.આંબેડકર આવાસ યોજના " ના ઠરાવની જોગવાઈ પ્રમાણે સહાયની રકમ વંચાણે લીધેલ વિભાગના તા.૯/૧૨/૨૦૦૦ ના ઠરાવની જોગવાઈમાંથી આપવાની રહેશે. આ યોજનાનો અમલ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ તેમજ મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમે સંયુક્તરીતે કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૯/૨/૨૦૦૪ ના રોજ મળેલ અનુમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( કે. એલ. તબિયાર )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
મા. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
મા. મંત્રીશ્રી ( સામાજીક ન્યાય અને અધિકારીતા ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
વિરોધપક્ષના મા.નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર.
મા. નાયબ મંત્રીશ્રી ( સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
સર્વ મા. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
રાજ્યકક્ષાની સમિતિના સર્વ સભ્યો
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત,અમદાવાદ / રાજકોટ
વિકાસ કમીશ્નર,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
કમીશ્નરશ્રી,ગ્રામ વિકાસ, ગાંધીનગર.
ઉદ્યોગ કમીશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
વહીવટી સંચાલક, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર.
નિયામકશ્રી, નગરપાલિકાઓ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ
સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
સર્વે નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા પછાત કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત )
સર્વે જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર.
સામાજીક ન્યાય અને અધિકારીના વિભાગની સર્વે શાખાઓ ( ગ.શાખા સિવાય )
G-193-194